# ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

## સાબરકાંઠા - અરવલ્લી

તા. ૨૯-૩-૨૦૨૧, સોમવાર




### પાંડવ કાળથી ચાલી આવતી પરંપરા

# સાબરકાંઠાના આગિયામાં અંગારા પર ચાલી હોળી પર્વની ઉજવણી

### ધગધગતા અંગારા ઉપર ચાલતી પ્રજાને જોવા લોકો ઉમટ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

ઉત્તર ગુજરાતના સાબરકાંઠાના ખેડબ્રહ્મા નજીક આવેલા આગિયા ગામમાં સળગતા અંગારા ઉપરથી ખુલ્લા પગે ચાલી હોળી પર્વની પ્રજા અનોખી રીતે ઉજવણી કરે છે. કોરોનાનું ગ્રહણ લાગ્યું છે જેથી ગ્રામજનોએ કોવિડ-૧૯ની ગાઈડલાઈન મુજબ હોળી પર્વની ઉજવણી કરી રાત્રે ગ્રામજનોએ ખુલ્લા પગે હોળીના ધગધગતા અંગારા ઉપર ચાલી પાંડવ કાળથી ચાલી આવતી પરંપરાને કાયમ રાખી હતી.

ખેડબ્રહ્મા તાલુકાનું આગીયા ગામ આમ તો અનેક પ્રકારની સમસ્યાઓથી પીડાય છે. પરંતુ હોળી પર્વ આવે એટલે ઉત્તર ગુજરાતમાં તેની આગવી નામના જોવા મળે છે. હોળીના અંગારા ઉપર ચાલવાની દાયકાઓ જૂની પરંપરાને ગ્રામજનો અને વર્તમાન પેઢીએ જાળવી રાખી છે. આમ તો હાથમાં અંગારો પડે તો પણ ફોલ્લા પડી જાય છે પરંતુ અહીંયાં આસ્થા આગળ વિજ્ઞાન પણ ખોટું





ઠરે છે. ગામના યુવા અગ્રણી એડવોકેટ મૃગેશ પટેલે જણાવ્યું કે અમારા ગામમાં પાંડવ કાળથી અંગારા ઉપર ચાલવાની પરંપરા અમે જાળવી રાખી છે. આ વર્ષે કોરોનાનું ગ્રહણ છે અને સંક્રમણ વધુ ન પ્રસરે તે માટે અન્ય કાર્યક્રમો સાદગીપૂર્વક ઉજવ્યા છે. તેઓ અંગારા ઉપર ચાલવાની પરંપરાને આગળ વધારતાં જણાવ્યું કે ગ્રામજનો, વૃદ્ધો હોળી માતાની પૂંજા કર્યા બાદ હોળીના સળગતા અંગારામાં ખુલ્લા પગે ચાલે છે. ખુલ્લા પગે ચાલવા છતાં કોઈને પણ પગમાં કોઈપણ પ્રકારની આજદિન સુધી ઈજા થઈ નથી. ભક્તોની શ્રદ્ધા અને આસ્થા વધતાં દર વર્ષે દૂર દૂરથી શ્રદ્ધાળુઓ આગિયા ગામની અનોખી હોળીને જોવા માટે આવે છે. હોળી પ્રગટાવ્યા પછી વાઘેલા વંશના પરિવારો હોળીની અંદર સળગતા વાંસ લઈને દોડતા આગિયા ગામથી દૂર દોઢ કી.મી.આવેલા જૂનીવાવના પાણીમાં સળગતો વાંસ ઠંડો કરે છે. હોળીની અંદર પણ તેના કારણે ઠંડક પ્રસરી જાય છે તેવી દંતકથા આજે પણ કાયમ છે. જય મહાકાળીના ગગનભેદી નારા સાથે ગ્રામજનો અને ભક્તો ખુલ્લા પગે હોળી માતાના ધગધગતા અંગારામાંથી પસાર થાય છે. જાણે અજાણી શક્તિ ભક્તોને મદદ કરતી હોય તેવું પણ અનુભવાય છે.

# સાબરકાંઠા, અરવલ્લીમાં પ્રતિબંધો વચ્ચે હોળિકા દહન, પ્રતિબંધો ભૂલાયા

### હોળિકા દહન સ્થળે શ્રદ્ધા ધરાવતા લોકોની ભીડ, સોશ્યલ ડિસ્ટન્સ ભૂલાયું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

રવિવારે ફાગણ સુદ પુનમના દિવસે હોળી પર્વની સમી સાંજથી રાત સુધી આસ્થા સાથે ઉજવણી થઈ. હોળિકા દહનમાં કોરોનાના વધતા કેસના કારણે અનેક પ્રતિબંધો હોવા છતાં મોટાભાગના સ્થળે પ્રતિબંધો ભૂલાયા હતા. શ્રદ્ધા ધરાવતા લોકોની ભીડ જોવા મળી. સોશ્યલ ડિસ્ટન્સ ભૂલાયું હતું. જિલ્લામાં મોટાભાગે રાત્રે ૭-૦૦ થી ૧૦-૦૦ પહેલાં હોળી પ્રગટાવવામાં આવી હતી અને આ સાથે રાત્રે હોળાષ્ટક પૂરાં થયાં છે. સોમવાર સવારથી પ્રજા શુભકાર્યો કરી શકે છે તેમ જ્યોતિષીઓ જણાવી રહ્યા છે.


કોરોના જેવી મહામારી છતાં પણ પ્રજામાં હોળી પર્વનો ખાસ કરીને હોળિકા દહન સ્થળે પગે લાગવાની આસ્થામાં કોઈ ફેર પડ્યો નથી. જિલ્લાના બાયડ, ધનસુરા, તલોદ, પ્રાંતિજ, હિંમતનગર, મોડાસા, માલપુર, મેઘરજ, ભિલોડા, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર અને તેના ગ્રામ્ય વિસ્તારોમાં બપોર બાદ હોળી પ્રાગટ્ય માટે તૈયારીઓ કરવામાં આવી હતી. અનેક બાળકોએ સામૂહીક ફાળો ઉઘરાવી કાષ્ટ એકત્ર કર્યા હતાં તો ક્યાંક ગૌકાષ્ટનો ઉપયોગ જોવા મળ્યો. જિલ્લાના તમામ નાના-મોટા ૧૬૦૦ ગામડાઓમાં સમી સાંજે શુભ મુહર્તમાં હોળિકા દહન કરવામાં આવ્યું. કેટલાક વિસ્તારોમાં પ્રજા કોરોનાના આતંકને ખાળવા સોશ્યલ ડિસ્ટન્સ જાળવ્યું તો ક્યાંક મોટાપાયે જેમના પ્રસંગના કારણે એટલી બધી ભીડ જોવા મળી કે સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક પહેરવાનું પણ ભૂલાયું. લાગે છે હોળિકા પર્વ પછી પણ કોરોનાનું સંક્રમણ વધુ બેકાબુ બની શકે છે. સિમિત લોકોની હાજરીમાં હોળિકા દહન કાર્યક્રમ યોજવાની સૂચના હતી પરંતુ આસ્થા સામે તંત્ર અને પોલીસ પણ મજબૂર બને તે સ્વાભાવિક છે. જ્યારે આજે ધુળેટીમાં સામૂહીક કાર્યક્રમો ઉપર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

# ઉત્તર ગુજરાત કાળઝાળ ગરમીના ભરડામાં, પ્રજામાં ગરમીના પ્રકોપનો ડર

### પરોઢે ઠંડી, સવારે બફારો અને બપોરે અંગદઝાડતી ગરમીએ માનવ વસતીને પરેશાન કરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

ઉત્તર ગુજરાતમાં ઉનાળો જામી રહ્યો છે. છેલ્લા ૨ દિવસથી



હિટવેવનો પ્રકોપ શરૂ થયો છે. બપોર થતાં તાપમાનનો પારો ૧ ડિગ્રી વધીને ૪૧ ડિગ્રીને આંબી ગયો છે. અરવલ્લી થી બનાસકાંઠા સુધીનો તમામ વિસ્તાર કાળઝાળ ગરમીના ભરડામાં આવ્યો છે. પ્રજા એકાએક વધેલા ગરમી પ્રકોપથી ડરી છે. પરોઢે ઠંડી, સવારે બફારો અને બપોરે અંગદઝાડતી ગરમીએ માનવ વસતીને પરેશાન કરી મૂકી છે. રવિવારે રજા હોવા છતાં પણ વધતા ગરમી પ્રકોપના કારણે પ્રજાએ બહાર જવાનું ટાળી ઘરમાં રહેવાનું પસંદ કર્યું હતું. જોગાનું જોગ બપોર પછી ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે ત્રીજી વન-ડે હોવાથી પ્રજાએ ઘરમાં બેસીને મેચનો લ્હાવો લીધો હતો.

સમગ્ર રાજ્ય હિટવેવની ઝપેટમાં આવશે તેવી આગાહી અગાઉથી થઈ હતી. જિલ્લામાં વર્તમાન ઉનાળાનો સૌથી ગરમ દિવસ રવિવારે નોંધાયો. તાપમાનનો પારો ઉંચકાતાં બટાકા પકવતા ખેડૂતો પરેશાન છે. જ્યારે હોળી-ધુળેટીનું પર્વ હોવાથી ખેતમજૂરો વતન ગયા છે જેથી ખેડૂત અને તેમના પરિવારોએ હોળી પર્વ હોવા છતાં ખેતરમાં જ ઘઉં સહિતના પાકની લણનીમાં બપોર સુધીનો સમય ગાળ્યો હતો. સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ, મહેસાણા જિલ્લામાં એકાએક ગરમી પ્રકોપ વધતાં જે તળાવોમાં પાણી હતાં તે પણ ઝડપથી ઓસરી રહ્યાં છે. સરકાર દ્વારા સુજલામ સુફલામ નર્મદા ડેમના પાણીથી ખાલીખમ તળાવો સત્વરે ભરવામાં આવે તો ઉત્તર ગુજરાતના મૂંગા પશુઓ માટે આવનારૂ પીવાના પાણીનું સંકટ આંશિક રીતે હલ થશે. આગામી ૨ થી ૩ દિવસ ગરમી પ્રકોપ રહેવાની સંભાવના છે. રવિવાર બપોર બાદ ઉત્તર ગુજરાતના અરવલ્લી, સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાના કેટલાક વિસ્તારોમાં ધૂળની ડમરીયો સાથે ગરમ પવન ફુંકાતાં પ્રજામાં લૂ લાગવાનું પ્રમાણ વધી શકે છે.

# કોરોનાનું વિસ્ફોટક સ્વરૂપ : સાબરકાંઠા, અરવલ્લીના વેપારીઓ માટે બીજા લૉકડાઉનનો ભાર અસહ્ય

### ન છૂટકે લોકડાઉન આવશે તો અર્થતંત્ર ઉપર ગંભીર અસરના સંકેત, અનેક ધંધાનો સંકેલો થશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

રાજ્યમાં માર્ચના બીજા પખવાડીયાથી કોરોના વિસ્ફોટ થયો છે. ઉત્તર ગુજરાત સહિત સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાનું વિસ્ફોટક સ્વરૂપ બહાર આવ્યું છે. પાછલા ૫ દિવસમાં જ



બંન્ને જિલ્લામાં સરકારી દફતરે ૧૦૦ થી વધુ પોઝિટિવ કેસ નોંધાયા છે. ખાનગી આંકડો વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગને હચમચાવી શકે છે. ડબલ મ્યુટન્ટ વેરીએન્ટ કોરોના વાયરસ બીજી લહેરમાં ભારતમાં હોવાનો દાવો થયો છે. ત્યારે રાજ્ય અને જિલ્લામાં વધતા કોરોના સંક્રમણથી જો બીજું લૉકડાઉન અમલી બને તો..!! જો આ સંભવ બનશે તો વેપારીઓ બીજા લૉકડાઉનનો ભાર સહન કરી નહીં શકે. અર્થતંત્ર ઉપર ગંભીર અસર થવાની સાથે અનેક વેપારીઓ પાયમાલ થશે અને ધંધાનો સંકેલો થવાથી બેન્કોના એન.પી.એ.માં વધારો થવાની દહેશત થઈ છે.

કોરોના વાયરસનું સ્વરૂપ બદલાયાનો વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે. કોરોનાની બીજી લહેર ૧૦૦ દિવસ સુધી અડીંગા જમાવે તેવી સંભાવના છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકાઓમાં ૩ લાખથી વધુ નાના-મોટા વેપારીઓએ ગત માર્ચ-૨૦૨૦ થી કોરોનાનું ગ્રહણ લાગ્યું ત્યારથી માંડ માંડ ધંધા-રોજગારને જીવંત રાખ્યા. જાન્યુઆરી-ફેબ્રુઆરી-૨૦૨૧માં ધંધા માંડ પાટે ચઢ્યા ત્યાં માર્ચ મહિનામાં કોરોનાની બીજી લહેરે સમગ્ર ગુજરાતને હચમચાવ્યું છે. ગુજરાતમાં સૌથી વધુ પોઝિટિવ કેસ પણ સામે આવતાં શહેરી વિસ્તારોમાં રાત્રિ કરફ્યુ અમલી બન્યો છે.

સાબરકાંઠા, અરવલ્લીમાં પણ શહેરી સાથે ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બની ગયું છે. કોરોનાના વધતા કહેર છતાં સરકાર દ્વારા મફતમાં અપાતી કોરોના વેક્સિન લેતાં પ્રજા ડરી રહી છે તે બાબત અત્યંત ગંભીર છે. અત્યારે તો જે રીતે બંન્ને જિલ્લામાં બિનસત્તાવાર રીતે ૧૫૦૦ થી વધુ કોરોના સંક્રમિત દર્દીઓ છે. આવનારા દિવસોમાં આંકડો બમણો થવાની ધારણા છે. જે અગાઉના લૉકડાઉન કરતાં પણ વિસ્ફોટક સ્થિતિના સંકેત આપી રહ્યા છે. આ સંજોગોમાં જો બીજું લૉકડાઉન અનિવાર્ય બનશે તો બંન્ને જિલ્લાના વેપારીઓ પાયમાલ થઈ જશે. હજારો લોકો રોજગારી ગુમાવશે. જ્યારે નાની-મોટી કંપનીઓ અને ઉદ્યોગો પણ બીજા લૉકડાઉનનો ભાર સહન કરી શકે તેવી સંભાવના નથી.

## ઉત્તર ગુજરાતમાં ડબલ મ્યુટન્ટ વેરીએન્ટ કોરોનાનો ખતરો

ઉત્તર ગુજરાતના તબીબોએ સ્વીકાર્યું છે કે કોરોનાના પોઝિટિવ અને શંકાસ્પદ કેસમાં પાછલા ૧૫ દિવસમાં ઉછાળો આવ્યો છે. જે રીતે દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. જે અગાઉ કરતાં પણ ચિંતાજનક છે ગુજરાત સહિત ઉત્તર ગુજરાતમાં આરોગ્ય વિભાગની સરાહનીય કામગીરી અને વહીવટી તંત્રના યોગ્ય માર્ગદર્શન છતાં સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગ પછી કોરોના બેકાબુ બન્યો છે. નવા કેસો જે બહાર આવ્યા છે તેમાં ડબલ મ્યુટન્ટ વેરીએન્ટનો પણ ઉત્તર ગુજરાતમાં કોરોનાના રૂપમાં ખતરો હાવિ થઈ ગયો છે. કોરોનાના નવા સ્વરૂપથી પ્રજામાં એક પ્રકારનો ડર જોવા મળ્યો છે. કોરોનાના નવા સ્વરૂપ બાબતે પણ આરોગ્ય વિભાગે પ્રજાને માહિતગાર કરવી પડશે.

# સાબરકાંઠા, અરવલ્લીમાં આજે રંગપર્વ ધુળેટીની ઉજવણી

### અનેક વિસ્તારોમાં ધુળેટી લોહીયાળ બનવાની દહેશત, પોલીસનો ચાંપતો બંદોબસ્ત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

કોરોનાના કારણે હોળી-ધુળેટી પર્વ નિરસ જણાય છે. સોમવારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં રંગપર્વ ધુળેટીની ઉજવણી થશે. કેટલાક વિસ્તારોમાં રવિવાર સમી સાંજથી ધુળેટી પર્વની છૂટી છવાઈ ઉજવણી જોવા મળી. દર વર્ષે જિલ્લામાં ધુળેટીનો તહેવાર લોહીયાળ બને છે. ભૂતકાળના આંકડા ચકાસી કેટલાક વિસ્તારોમાં પોલીસનો ચૂસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. કોરોનાનું સંક્રમણ વધ્યું હોવાથી વધુ લોકોના ભેગા થવા ઉપર બ્રેક લગાવવામાં આવી છે પરંતુ ધુળેટીના ઉત્સવમાં સોશ્યલ ડિસ્ટન્સ ભૂલાશે. ઢોલ-નગારા લઈ અનેક ટોળકીઓ ગોઠ લેવા માટે નિકળશે.

વર્ષ દરમ્યાન આવતા તહેવારો ધોડધામ ભરી જીંદગીમાં નવા ઉત્સાહનો સંચાર કરી જતા હોય છે તેમાંય હોલિકા દહન પછી બીજા દિવસે આવતા ધૂળેટી પર્વની રંગત નિરાલી છે. સૌ કોઈ ગુલાલ તથા કલરફૂલ રંગોથી એકબીજાને રંગી એકબીજા પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરી ઉજવણીમાં મસ્ત બની જતા હોય છે. જિલ્લામાં આજે રંગોની છોડો વચ્ચે ધૂળેટી પર્વની ઉજવણી થવાની છે.

જિલ્લામાં ધૂળેટીના દિવસે સુલેહશાંતિનો ભંગ ન થાય તે માટે પોલીસ તંત્ર દ્વારા ચૂસ્ત બંદોબસ્ત ગોઠવાયો છે. જિલ્લામાં બાળકોએ પણ રંગોના પર્વને મનાવવા માટે અગાઉથી જ અવનવી પીચકારીઓ તથા રંગ ખરીદી લેતાં આજનું ધૂળેટીનું પર્વ સાચા અર્થમાં રંગ પર્વ બની રહેવાનું છે. આદિવાસી વિસ્તારોમાં ધૂળેટીના દિવસે હિંસક મારા મારીના બનાવો નોંધાયા હોવાથી પોલીસે આ વિસ્તારો તરફ પોતાની નજર ટેકવી છે. જિલ્લામાં હૂતાસણી પર્વની ઉજવણી થયા પછી સૌ કોઈ આજે એકબીજાને રંગી રંગ પર્વની ઉજવણી કરનાર હોવાનું જાણવા મળેલ છે.

# હિંમતનગરના બાવસરમાં ગેસનો બાટલો ફાટતાં મકાનમાં આગ ભભૂકી, ૭ લોકો દાઝ્યા, બે ગંભીર

### તિવ્ર ધડાકાથી આસપાસના લોકો દોડી આવ્યા, ઈજાગ્રસ્તોને સારવાર માટે હિંમતનગર ખસેડ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

જિલ્લાની પ્રજા હોળી પર્વની ઉજવણી કરતી હતી ત્યારે હિંમતનગરના બાવસરમાં દરજી પરિવારના મકાનમાં ગેસનો બાટલો ફાટતાં ભભૂકેલી આગમાં મકાન સહિત ઘરવખરી ખાખ થઈ ગઈ હતી. ભીષણ આગમાં પરિવારના ૭ લોકો દાઝી જતાં સારવાર અર્થે હિંમતનગરની સરકારી મેડીકલ કોલેજમાં દાખલ કરવામાં આવ્યા હતા જેમાં ૨ ની હાલત ગંભીર જણાતાં અમદાવાદ ખસેડવામાં આવ્યાં છે. તિવ્ર ધડાકાથી આસપાસના લોકો મદદે દોડ્યા હતા. બનાવ અંગે ગાંભોઈ પોલીસે જગતસિંહ ઉદેસિંહ પરમારની ખબરના આધારે તપાસ શરૂ કરી છે.

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં આગ લાગવાની



ઘટનાઓએ વહીવટી તંત્રની ઉંઘ હરામ કરી દીધી છે. અત્યાર સુધી જંગલ વિસ્તારમાં આગ લાગવી, દોડતાં વાહનો સળગવાના અને તબેલામાં આગ લાગવાના બનાવથી પ્રજાની માલ મિલકતને લાખોનું નુક્સાન પહોંચ્યું છે. પરંતુ રવિવારે હિંમતનગરના બાવસરમાં બનેલી દુર્ઘટનાએ સૌને હચમચાવી નાખ્યા છે. પોલીસ સૂત્રોએ જણાવ્યું કે બાવસરના દરજી પરિવારના મકાનમાં સવારે ૭-૦૦ કલાકે કોઈપણ કારણોસર ગેસનો બાટલો ફાટ્યા પછી ભીષણ આગ ભભૂકી ઉઠી હતી. પળવારમાં જ મકાન, રાચરચિલું, અનાજ, રોકડ રકમ, દાગીના આગમાં સ્વાહા થઈ ગયા. ભીષણ આગમાં દરજી પરિવારના વૃદ્ધ થી માંડી બાળકો સખ્ત રીતે દાઝી ગયા. બચાવો..બચાવોની બુમરેગ છતાં પ્રજા મદદે દોડી આવી પરંતુ આગ એટલી તિવ્ર હતી કે દરજી પરિવારના ૭ સભ્યો સખ્ત રીતે દાઝી જતાં તાબડતોબ ઈમરજન્સી-૧૦૮ મારફતે સારવાર માટે હિંમતનગર ખસેડવામાં આવ્યા છે.

## દાઝી ગયેલાઓની યાદી..

શાંતાબેન બાબુભાઈ દરજી
ભરતભાઈ ભીખાભાઈ દરજી
ભીખાભાઈ મણીભાઈ દરજી
શૈલેષભાઈ ભીખાભાઈ દરજી
કેવલ શૈલેષભાઈ દરજી
ભક્તિ શૈલેષભાઈ દરજી
તારાબેન ભીખાભાઈ દરજી

# જેસીંગપુરકંપાની સીમમાં યુવકનો આપઘાત, ગળે ફાંસો લગાવી જીવન ટૂંકાવ્યું

ભિલોડા તાલુકાના જેસીંગપુરકંપાની સીમમાં કોઈ અગમ્ય કારણોસર મૌલિક રાવજીભાઈ અસારી(ઉ.૨૫ વર્ષ)એ ઝાડ ઉપર ફાંસો લગાવી આત્મહત્યા કરતાં અરેરાટી વ્યાપી છે. યુવકે કયા કારણોસર જીંદગીથી ત્રાસી જઈ મરવા સુધીનું પગલું ભર્યું છે તેને લઈને અનેક તર્ક થઈ રહ્યા છે. બનાવ અંગે ભિલોડા પોલીસે એડી નોંધી તપાસ હાથ ધરી છે.

જિલ્લામાં આત્મહત્યાના બનાવોથી ઉભરાતા ભિલોડા તાલુકામાં વધુ એક યુવકે આયખું ટૂંકાવ્યું છે. તાલુકાના જેસીંગપુરકંપામાં તા.૨૬ના રોજ મૌલિક અસારીએ જીંદગીથી તંગ આવી જઈ તેની ઘર નજીકના ખેડૂત રાજેન્દ્રસિંહ ભાટીના ખેતરના શેઢા ઉપર જઈ લીમડાના ઝાડ ઉપર ફાંસો લગાવી આત્મહત્યા કરી લીધી હતી. ઝાડ ઉપર યુવકની લાશ લટકતી જોવા મળતાં અનેક લોકો સ્થળ ઉપર દોડી આવ્યા હતા. બનાવની જાણ ભિલોડા પોલીસને કરવામાં આવી હતી.

## બાયડ મામલતદાર કચેરીના ભ્રષ્ટાચારના અહેવાલથી મામલતદારને "અપચો"

### મારી કચેરીમાંથી જ કોઈ માહિતી આપી જાય છે તેવો બળાપો કાઢ્યો

બાયડ મામલતદાર કચેરીમાં જમીન સંદર્ભના અત્યાર સુધીના ચાલેલા કેસમાં ઉઘરાણાં થતાં હોવાની લોકચર્ચા જામી છે. ભ્રષ્ટાચારના અહેવાલથી બાયડ મામલતદારને અપચો થયો છે. ગત રોજ તેઓએ જણાવ્યું કે મારી કચેરીમાંથી જ કોઈ માહિતી આપી જાય છે આવી ગુપ્ત માહિતી મીડીયા સુધી કેવી રીતે પહોંચે છે..?? તેનું આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું.

બાયડ મામલતદાર કચેરીમાં છેલ્લા કેટલાય સમયથી ભ્રષ્ટાચાર અને વચેટીયાઓની બોલબાલા છે. એકમાત્ર ગાંધીનગર સમાચારના અહેવાલ પછી વચેટીયા અને ખબરીલાલની દુકાન બંધ થઈ જતાં હવે રઘાવાયા થઈને અવનવા પેંતરા રચી રહ્યા છે. અગાઉ એક ખેડૂતની જમીન ખાતે કરવામાં ભળતા નામની ખોટી સહી કરાવી હતી અને નોંધ પણ મંજૂર કરાવી હતી પરંતુ ભાંડો ફૂટતાં છેવટે નોંધ રદ કરવી પડી હતી. ત્યાર પછી પણ જમીનના કેટલાક વિવાદિત કેસમાં ઉઘરાણાં કરી કેટલાક ફરિયાદકારોને અન્યાય થાય તે પ્રકારના ચૂકાદા આપ્યાની લોકચર્ચા છેડાઈ છે. અગાઉ ઝાડ કાપી નાખવાના કેસમાં પણ મોટાપાયે ખોટું કરીને મનઘડત ચૂકાદો આપ્યાના સનસની ખેજ આક્ષેપ પણ જગજાહેર છે. છેલ્લા ૨ દિવસથી મામલતદાર કચેરીના ભ્રષ્ટાચારના અહેવાલ પ્રસિદ્ધ થતાં મામલતદારને અપચો થયો હોય તે રીતે શરૂઆતમાં તો કોઈ કારકૂને ટેબલ બદલવાની માંગ કરી નથી તેવું જૂઠ ચલાવ્યું પરંતુ પછી સ્વીકાર્યું કે એક કર્મચારીએ ટેબલ બદલવાની વાત કરી છે પરંતુ આ નિર્ણય જિલ્લા કલેક્ટરે લેવાનો છે.

### અહેવાલ પછી દલાલો મામલતદાર કચેરીનું પગથિયું ચઢતાં ડરી રહ્યા છે

બાયડ તાલુકાના તમામ લોકો જાણે છે કે બાયડ મામલતદાર કચેરીમાં દલાલોનો અડ્ડો છે. મામલતદાર કચેરીમાં પારદર્શક વહીવટ કરવો હોય તો શા માટે સી.સી.ટીવી કેમેરા બંધ છે. એક રીતે દલાલો અને વચોટીયાઓને છાવરવા આ પ્રકારની સવલત આપવામાં આવી છે. ગાંધીનગર સમાચારમાં દલાલો અને ખબરીલાલના અહેવાલ પછી ભાગબટાઈ કરનારા મામલતદાર કચેરીનું પગથિયું ચઢતાં ડરી રહ્યા છે. બાયડ મામલતદાર કચેરીનો મોટાભાગનો સ્ટાફ અંદરખાને સ્પષ્ટ જણાવી રહ્યો છે કે ગાંધીનગર સમાચારના કારણે જ દલાલોની ચુંગાલમાંથી કચેરીને મુક્તિ મળી છે.